પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૯ | ૨૯ જુલાઈ, ૨૦૧૯, સોમવાર; અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કર્ણાટકમાં કોંગ્રેસ-જેડીએસના ૧૪ બાગી ધારાસભ્યો સસ્પેન્ડ

## કુલ ૧૭ ધારાસભ્યને અયોગ્ય ઠરાવાયા : મુખ્યમંત્રી યેદીયુરપ્પા આજે ગૃહમાં બહુમત સાબિત કરશે

બેંગ્લુરુ, તા.૨૮

કર્ણાટકમાં તમામ ૧૪ બાગી ધારાસભ્યોની સદસ્યતા રદ કરી દેવાઈ છે. સ્પીકર આર રમેશ કુમારે કોંગ્રેસના ૧૧ બાગી ધારાસભ્યો અને જેડીએસના ૩ બાગી ધારાસભ્યોની સભ્યતા રદ કરવાનું એલાન કર્યુ. નિર્ણય બાદ સ્પીકર રમેશ કુમારે કહ્યુ કે હુ કોઈ ચાલાકી કે ડ્રામા નથી કરતો પરંતુ સૌમ્ય રીતે નિર્ણય લીધો છે.

કર્ણાટકમાં રાજકીય ઘમાસાણ વચ્ચે સોમવારે કર્ણાટક વિધાનસભામાં સીએમ બીએસ યેદિયુરપ્પા બહુમતી સાબિત કરશે.

સ્પીકર રમેશ કુમારે કોંગ્રેસના બૈરાઠી બસવરાજ, મુનિરત્ન, એસટી સોમશેખર, રોશન બેગ, આનંદ સિંહ, એમટીબી નાગરાજ, બીસી પાટીલ, પ્રતાપ ગૌડા પાટીલ, ડૉ. સુધાકર, શિવરામ હેબ્બાર, શ્રીમંત પાટીલને અયોગ્ય કરાર દીધા.આ સિવાય જેડીએસના ત્રણ બાગી ધારાસભ્યો કે. ગોપાલૈયા, નારાયણ ગૌડા, એ એચ વિશ્વનાથને અયોગ્ય કરાર દીધા હતા. અગાઉ સ્પીકર રમેશ કુમારે ત્રણ ધારાસભ્યોને અયોગ્ય કરાર દીધા હતા. ૧૪ ધારાસભ્યોને અયોગ્ય કરાર દીધા બાદ હવે કુલ




૧૭ ધારાસભ્યને અયોગ્ય કરાર આપી દેવાયા છે. સ્પીકર રમેશ કુમારના આ નિર્ણય બાદ વિધાનસભામાં ધારાસભ્યોની સંખ્યા ૨૦૭ વધી છે. એટલે કે બહુમત માટે ૧૦૫ જાદુઈ આંકડા હશે.

લાંબા સમય સુધી ચાલેલા રાજકીય નાટક બાદ ગુરુવારે કર્ણાટક વિધાનસભાના ત્રણ બાગી ધારાસભ્યોને અયોગ્ય કરાર દીધા હતા. આ ધારાસભ્યોમાં આર. શંકર, રમેશ જરકિહોલી અને મહેશ કુમથલ્લીના નામ છે.

ઉલ્લેખનીય છે કે, ગુરૂવારે કર્ણાટકની કુમારસ્વામી સરકાર વિશ્વાસમત હાંસલ કરી શકી નહોતી. જેડીએસ અને કોંગ્રેસની ૯૯ મત મળ્યાં હતાં જયારે ભાજપને ૧૦૫ મળ્યા હતાં. આ સાથે જ કુમારસ્વામી સરકારનું પતન થયું હતું. શુક્રવારે બીએસ યેદિયુરપ્પા રાજ્યના નવા મુખ્યમંત્રી બન્યા હતાં. હવે ૨૯મીએ તેમને સદનમાં બહુમત હાંસલ કરવાનો છે. ત્યારે સ્પીકરનો આ નિર્ણય ભાજપ માટે આંચકા સમાન માનવામાં આવે છે. સૂત્રોએ જણાવ્યું કે રમેશ કુમારને બીએસ યેદિયુરપ્પાના સોમવારના વિશ્વાસ મત પુરવાર કરતાં પહેલા સ્પીકરનું પદ ખાલી કરવાનો સંદેશ આપવામાં આવ્યો છે. ભાજપના એક સીનિયર નેતાએ કહ્યું કે, જો સ્પીકર જાતે રાજીનામું નહીં આપે તો અમે તેમની વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવીશું. અમારો પહેલો એજન્ડા વિશ્વાસ મત જીતવો અને ફાઈનાન્સ બિલને પાસ કરાવવાનો છે. અમે સ્પીકરના જાતે રાજીનામા આપવાની રાહ જોઈશું.

## કાશ્મીરી પ્રજા મુખ્ય પ્રવાહમાં જોડાવા ઉત્સુક છે : મોદી



નવી દિલ્હી, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં જુદા જુદા વિષય ઉપર વાત કરી હતી. મન કી બાત કાર્યક્રમમાં મોદીએ કહ્યું હતું કે, કાશ્મીરના લોકો વિકાસની મુખ્ય ધારામાં સામેલ થવા માટે ઉત્સુક છે. નફરત ફેલાવનાર લોકોને કોઇ કિંમતે છોડવામાં આવશે નહીં. વડાપ્રધાન મોદીએ પોતાના રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. તેમની વડાપ્રધાન તરીકેની બીજી અવધિમાં બીજા મન કી બાત એપિસોડમાં મોદીએ જમ્મુ કાશ્મીરમાં વિકાસ કાર્યક્રમથી લઈને ચંદ્રયાન-૨ મિશનના લોંચિંગ, જળ સંકટ, જળ નીતિ સહિત જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. મોદીએ પુરમાં ફસાયેલા લોકોને ખાતરી આપી હતી કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની સાથે મળીને તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. મન કી બાત કાર્યક્રમમાં મોદીએ સોપિયા નિવાસી મોહમ્મદ અસલમનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતુ કે, તેઓએ માય ગોવ એપ પર કોમ્યુનિટી મોબિલાઈજેશન પ્રોગ્રામને સફળરીતે ચલાવી રહ્યા છે. આ કાર્યક્રમથી જાણવા મળ્યું છે કે, કાશ્મીરના લોકો વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાઈ જવા માટે ઉત્સુક છે. મોદીએ કહ્યુ હતું કે, આ કાર્યક્રમ હેઠળ પ્રથમ વખત મોટા મોટા અધિકારીઓ ગામમાં પહોંચ્યા હતા અને ગ્રામિણ વિસ્તારો અંગે માહિતી મેળવી હતી. મોબ લિંચિંગ કાર્યક્રમ અંગે પણ મોદીએ વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે, શાંતિપૂર્ણ માહોલમાં આગળ વધવાની જરૂર દેખાઈ રહીછે. બેક ટુ વિલેજ કાર્યક્રમને રોમાંચક બનાવવા અન્ય કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે. સોપિયન, પુલવામા, અનંતનાગના ગામોમાં કાર્યક્રમોનું સ્વાગત થઇ રહ્યું છે. નફરત ફેલાવનાર લોકોને કોઇ કિંમતે સફળ થવા દેવાશે નહીં. જળ સંરક્ષણ ઉપર પણ કામ થઇ રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે, ગ્રામિણ શ્રમદાન કરીને કુદરતી રીતે જળ પ્રબંધન કરી રહ્યા છે. મેઘાલય એવું પ્રથમ રાજ્ય બની ગયું છે જે રાજ્યએ પોતાની જળનીતિ તૈયાર કરી છે. હરિયાણામાં એવા પાકને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જેમાં ઓછા પાણીની જરૂર હોય છે.

# બિહાર-આસામમાં પૂરની સ્થિતિ ગંભીર

પટણા, તા. ૨૮

બિહાર અને આસામમાં પુરની સ્થિતિ આજે પણ યથાવતરીતે ગંભીર રહી હતી. બંને રાજ્યોમાં મળીને મોતનો આંકડો ૨૨૦થી પણ ઉપર પહોંચી ચુક્યો છે. એકબાજુ સત્તાવારરીતે જ એકલા બિહારમાં મોતનો આંકડો ૧૨૭ સુધી પહોંચી ચુક્યો છે. બિહારમાં બિનસત્તાવારરીતે મોતનો આંકડો ૨૦૦ના આંકડાને પાર કરી ચુક્યો છે. બીજી બાજુ આસામમાં સત્તાવારરીતે ૯૦ લોકોના મોત થઇ ચુક્યા છે. બિનસત્તાવારરીતે આ આંકડો આનાથી પણ ખુબ વધારે છે. સત્તાવાર આંકડાને પણ ધ્યાનમાં લેવામાં આવે તો બંને રાજ્યોમાં પુર તાંડવના લીધે મોટી ખુવારી થઇ ચુકી છે. હજુ પણ કરોડો લોકો બંને રાજ્યોમાં પુરના કારણે અસરગ્રસ્ત થયેલા છે. પટણાથી પ્રાપ્ત અહેવાલ મુજબ બિહારના ૧૩ જિલ્લામાં પુરના કારણે લોકોની હાલત ખરાબ છે. ૮૫ લાખથી વધુ લોકો બિહારમાં પુરના કારણે અસરગ્રસ્ત થયા છે. સૌથી વધુ અસર મધુબાનીમાં થઇ છે. બિહારના ઉત્તરીય હિસ્સામાં આશરે એક પખવાડિયાથી પુરની સ્થિતિ ગંભીરરીતે બની ગઈ છે. જનજીવનને પાટા ઉપર લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ભારે વરસાદ અને નેપાળમાં ભારે વરસાદની સીધી અસર બિહારમાં થઈ છે. પુરના તાંડવના કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે. સમસ્તીપુર-દરભંગા રેલવે ટ્રેક ઉપર પાણી ફરી વળ્યા છે જેથી ટ્રેનો રદ કરી દેવામાં આવી છે. માર્ગો ઉપર પાણી ફરી વળ્યા છે. બજારો બંધ કરવામાં આવ્યા છે. લોકોને ઉંચાણવાળા વિસ્તારો પર શરણ લેવાની જરૂર પડી છે. આજે સમસ્તીપુર-દરભંગા રેલવે માર્ગ ઉપર ટ્રેન સેવાને બંધ કરવાની ફરજ પડી હતી. અનેક નદીઓ ભયજનક સપાટીથી ઉપર પહોંચી ચુકી છે.

## ન્યુઝ ટ્રેક

### પૂર્વ કેન્દ્રિય મંત્રી જયપાલ રેડ્ડીનું નિધન

પૂર્વ કેન્દ્રિયમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયપાલ રેડ્ડીનું નિધન થયુ છે. શનિવારે તેઓની તબીયત લથડતા તેમને હૈદરાબાદની એઆઈજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ ૭૭ વર્ષના હતા.

### જપ્તી કામગીરી પર રોક માટે માલ્યાની અરજી

ભારતની વિવિધ બેંકો પાસેથી લોન લઈને વિદેશ ફરાર થઈ ગયેલા વિજય માલ્યાએ સુપ્રિમમાં અરજી કરી છે. ભારત સરકાર દ્વારા તેમની સંપતિને જપ્ત કરવા માટે જે કાર્યવાહી કરવામાં આવી રહી છે તે કામગીરી પર રોક લગાવવા અરજી કરી છે. માત્ર કિંગફિશરની સંપત્તિ જપ્ત કરવી જોઈએ. ખાનગી સંપત્તિ જપ્ત કરવામાં આવવી ન જોઈએ.

### વધુ ૨૫ એરપોર્ટનું ખાનગીકરણ કરાશે

પ્રથમ તબક્કામાં છ એરપોર્ટના ખાનગીકરણ પછી સરકાર હવે ૨૦ થી ૨૫ વધુ એરપોર્ટનું ખાનગીકરણ કરશે એમ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન ગુરૂપ્રસાદ મહાપાત્રે કહ્યુ હતુ.

### ખેલરત્ન માટે હરજભજન સિંહનું નામ ફગાવાયું

કેન્દ્રિય રમત મંત્રાલયે રાષ્ટ્રીય એવોર્ડ માટે ખેલાડીઓની યાદી તૈયાર કરી છે. અર્જુન એવોર્ડ માટે રાજ્ય સરકારે એથ્લેટ દુતીચંદનું નામ મોકલ્યુ હતુ. બીજી બાજુ હરભજનસિંહનું નામ ખેલરત્ન એવોર્ડ માટે મોકલવામાં આવ્યું હતું પરંતુ રમત મંત્રાલયે બંનેના નામ રદ કરી નાંખ્યા છે.

## ભારે વરસાદને પગલે અમરનાથ યાત્રા મોકૂફ

શ્રીનગર, તા. ૨૮

વાર્ષિક અમરનાથ યાત્રા ભારે વરસાદ અને ખરાબ હવામાનના સ્વરુપે ફરી એકવાર રોકી દેવામાં આવી છે. આજે અમરનાથ યાત્રાને રોકી દેવાની ફરજ પડી હતી. શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવેને ભેખડો ધસી પડવાના બનાવોના કારણે ટ્રાફિક માટે બંધ કરવાનો નિર્ણય કરાયો હતો. રામબાણ અને બનિહાલ રુટ ઉપર ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે જેને લીધે સાવચેતીના પગલારુપે રાજમાર્ગને બંધ કરીને અમરનાથ યાત્રાને પણ રોકવામાં આવી હતી. શ્રદ્ધાળુઓને આગળ વધવાની મંજુરી આપવામાં આવી ન હતી જેના લીધે શ્રદ્ધાળુઓ સહિત હજારોની સંખ્યામાં લોકો અટવાયા હતા. બનિહાલ અને રામબાણ રુટ ઉપર જુદી જુદી જગ્યાએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. યાત્રાની જવાબદારી સંભાળી રહેલા એક અધિકારીએ કહ્યું છે કે, ભારે વરસાદના લીધે અમરનાથ યાત્રાને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવી છે. આવતીકાલે પરિસ્થિતિની સમીક્ષા કરાયા બાદ ફરી એકવાર અમરનાથના સંદર્ભમાં નિર્ણય કરાશે. પહેલી જુલાઈના દિવસે હિમાલિયન ગુફામાં સ્થિત બર્ફાનીના દર્શન કરવા માટે ત્રણ લાખથી પણ વધુ શ્રદ્ધાળુઓ પહોંચી ચુક્યા છે. ૨૮ દિવસના ગાળામાં જ અમરનાથ યાત્રા ત્રણ લાખથી પણ વધુ શ્રદ્ધાળુઓ પહોંચતા એક નવો રેકોર્ડ સર્જાયો છે. પવિત્ર ગુફામાં બરફથી બનતા શિવલિંગના દર્શન માટે શ્રદ્ધાળુઓમાં હજુ પણ પડાપડી થઈ રહી છે. શ્રદ્ધાળુઓ બે માર્ગ મારફતે અમરનાથના દર્શન કરી રહ્યા છે જે પૈકી ૧૪ કિલોમીટર લાંબા બાલતાલ ટ્રેક અને ૪૫ કિલોમીટર લાંબા પહેલગામ ટ્રેકનો સમાવેશ થાય છે.

## ૨૦૨૧ સુધીમાં કોલકાતામાં પાણી નીચે દોડશે દેશની પ્રથમ મેટ્રો



કોલકાત્તા, તા.૨૮

પાણી નીચે દોડતી ટ્રેનમાં બેસવાની તમારી ઈચ્છા હવે ટૂંક જ સમયમાં પૂર્ણ થઈ શકે છે. ભારતમાં નદી નીચે દોડનારી પહેલી મેટ્રો રેલવે લાઈનનું મોટા ભાગનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. કોલકાતા મેટ્રોની આ નવી લાઈન ફેઝ એક પર ટૂંક સમયમાં મેટ્રો સેવા શરૂ થશે. આ મેટ્રો લાઈનના લગભગ પાંચ કિલોમીટરના અંતરે સોલ્ટ લેક સ્ટેડિયમથી સોલ્ટ લેક સેક્ટર-પાંચ પર કમિશનર રેલવે સલામતી માટેની તપાસ મંગળવારે પૂર્ણ થઈ ગઈ હતી. આ પ્રોજેક્ટને ટૂંક સમયમાં મંજૂરી મળી જશે. ત્યારબાદ સામાન્ય જનતા માટે મેટ્રોની સેવાઓ શરૂ કરવામાં આવશે. કોલકાતા મેટ્રોનો પૂર્વ-પશ્ચિમ પ્રોજેક્ટ લગભગ ૧૬ કિલોમીટર લાંબો છે, જે સોલ્ટ લેક સ્ટેડિયમથી હાવડા ગ્રાઉન્ડ સુધી ફેલાયેલો છે. સોલ્ટ લેક સેક્ટર - પાંચથી સોલ્ટ લેક સ્ટેડિયમ વચ્ચે આ લાઈન પર કરુણમયી, સેન્ટ્રલ પાર્ક, સિટી સેન્ટર અને બંગાળ કેમિકલ મેટ્રો સ્ટેશન છે.

## દેશના માહોલ પર ચિંતા વ્યક્ત કરનારા સામે કેસ દાખલ થયો

પટણા, તા. ૨૮

દેશના માહોલને લઈને ચિંતા વ્યક્ત કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખનાર ૪૯ હસ્તીઓ પૈકી નવની સામે બિહારની એક કોર્ટમાં અપરાધિક કેસ દાખલ કરવામાં આવ્યા છે. દેશભરમાં થઈ રહેલી મોબ લિંચિંગની ઘટનાઓ અને જયશ્રી રામના નારાના દુરુપયોગને લઈને ચિંતા વ્યક્ત કરીને જુદા જુદા ક્ષેત્રોની ૪૯ હસ્તીઓ દ્વારા વડાપ્રધાન મોદીને પત્ર લખવામાં આવ્યો હતો. અરજી કરનાર વકીલ સુધીર ઓઝાનું કહેવું છે કે, તેઓએ બિહારની એક કોર્ટમાં કુલ ૯ હસ્તીઓની સામે એક કેસ દાખલ કરી દીધો છે જેમાં અર્પણા સેન, રેવતી, કોંકણા સેનનો સમાવેશ થાય છે. આ તમામ સહિત ૪૯ હસ્તીઓએ દેશના માહોલને લઈને વડાપ્રધાનને પત્ર લખીને જાણી જોઈને દેશની પ્રતિષ્ઠાને ખરડવાના પ્રયાસો કર્યા છે. આ મામલાની આગામી સુનાવણી ત્રીજી ઓગસ્ટના દિવસે કરવામાં આવશે. આ પત્રમાં અર્પણા સેન, કોંકણા સેન, રામચંદ્ર ગુહા, અનુરાગ કશ્યપ, શોભા મુદગલ જેવા જુદા જુદા ક્ષેત્રોના દિગ્ગજોના હસ્તાક્ષર છે. મોદીને સંબોધીને લખવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું હતુ કે, દેશભરમાં લોકોને જયશ્રી રામના નારાના આધાર પર ઉશ્કેરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આમા દલિતો, મુસ્લિમો અને બીજા નબળા વર્ગના લોકોનો સમાવેશ થાય છે. આ પત્રમાં મોબ લિંચિંગને રોકવા માટે તરત પગલા ઉઠાવવાની માંગ કરવામાં આવી હતી. બીજી બાજુ કોંકણા સેન, અર્પણા સેન સહિત ૪૯ હસ્તીઓ દ્વારા વડાપ્રધાનને લખવામાં આવેલા પત્રના જવાબમાં ૬૧ અન્ય સેલિબ્રીટીઓએ પણ ખુલ્લો પત્ર જારી કર્યો છે જેમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ૪૯ હસ્તીઓ દ્વારા બિનજરૂરીરીતે હોબાળો મચાવાઈ રહ્યો છે.

## કાશ્મીરમાં ટેરર ફંડિંગ મામલે વ્યાપક દરોડા

શ્રીનગર, તા. ૨૮

ટેરર ફંડિંગના મામલામાં રાષ્ટ્રીય તપાસસંસ્થા એનઆઈએ દ્વારા આજે ઉત્તર કાશ્મીરના બારામુલ્લામાં વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. જુદી જુદી જગ્યાઓ ઉપર ચોક્કસ બાતમીના આધાર પર આ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન મળેલા વાંધાજનક દસ્તાવેજોના સંદર્ભમાં હજુ સુધી કોઈપણ પ્રકારની માહિતી મળી શકી નથી પરંતુ આ મામલામાં ગુપ્તતાપૂર્વક તપાસ ચાલી રહી છે. એનઆઈએના અધિકારીઓ દ્વારા સવારથી જ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચાર સ્થળો ઉપર દરોડા પડાયા હતા. સીઆરપીએફ અને સ્થાનિક પોલીસને સાથે રાખીને એનઆઈએના અધિકારીઓ આ દરોડાની કામગીરીમાં જોડાયા હતા. હવાલા નેટવર્ક અને પાકિસ્તાનથી ટેરર ફંડિંગના કાવતરામાં સંડોવાયેલા હોવાની શંકાના આધાર પર એનઆઈએ દ્વારા જમ્મુ કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસથી અવિરતપણે દરોડા પાડવામાં આવી રહ્યા છે. અલગ અલગ સ્થળો ઉપર દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. આ પહેલા ૨૩મી જુલાઈના દિવસે દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લાના કેલર વિસ્તારમાં એનઆઈએ દ્વારા કારોબારી ગુલામ અહેમદ વાનીના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રોસ એલઓસી ટ્રેડનું કામ કરનાર વાની ઉપર હવાલા નેટવર્ક અને પાકિસ્તાનથી ટેરર ફંડિંગના કાવતરામાં સામેલ હોવાની શંકાના આધાર પર આ કાર્યવાહી કરવામાં આવી હતી. એનઆઈએ દ્વારા જમાત ઉદ દાવા, લશ્કરે તોઈબા, હિઝબુલ મુઝાહિદ્દીન અને જમ્મુ કાશ્મીરના અન્ય અલગતાવાદી સંગઠનોની સામે ફંડ એકત્રિત કરવાને લઈને ૨૦મી મે ૨૦૧૭ના દિવસે એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. એનઆઈએ દ્વારા ૧૩ આરોપીઓ સામે આ સંદર્ભમાં આરોપપત્રો દાખલ કરાયા હતા. અલગતાવાદીઓ હવાલા કારોબાર અને પથ્થરબાજીમાં સામેલ રહ્યા હોવાના અહેવાલ પણ આવી ચુક્યા છે.

## આરટીઆઈ એક્ટમાં ફેરફાર મામલે પૂર્વ કેન્દ્રીય માહિતી કમિશનરે ઓનલાઈન અભિયાન આદર્યું

ન્યુ દિલ્હી, તા. ૨૮

આરટીઆઈ એક્ટમાં ફેરફાર મામલે ભૂતપૂર્વ કેન્દ્રીય માહિતી કમિશ્નર શૈલેશ ગાંધીએ ઓનલાઈન અરજી અભિયાન શરૂ કર્યું છે.

આ અભિયાન દ્વારા તેઓ રાષ્ટ્રપતિને આ બિલને સરકારને પરત કરવાનો આગ્રહ કરી રહ્યા છે. શૈલેશ ગાંધીએ વર્ષ ૨૦૦૪માં સંસદની સ્થાયી સમિતિના સભ્યના રૂપે આ પારદર્શિતા કાયદાના મુસદ્દાને તૈયાર કરવામાં મદદ કરી હતી. ભૂતપૂર્વ કેન્દ્રીય માહિતી કમિશ્નરે આ અભિયાન હેઠળ અનેક પત્ર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને ધ્યાન માટે મોકલવાની યોજના બનાવી છે.

ગાંધીની અરજીમાં રાષ્ટ્રપતિનું ધ્યાન દોરવામાં આવ્યું છે કે, એ સ્થાયી સમિતિ જ હતી જેણે સરકારને સૂચન કર્યું હતું કે કેન્દ્રીય માહિતી કમિશનને અને ચૂંટણી પંચને સરખો દરજ્જો આપવામાં આવે. હાલના બિલથી આ અંતર સમાપ્ત થઈ જશે અને આ કેન્દ્ર બિલ સરકારને સશક્ત કરશે ને તે માહિતી કમિશનરોના કાર્યકાળની સાથે વેતન પણ નક્કી કરી શકશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

જોઈએ છે
ડ્રાઈવર
બાયોડેટા સાથે રૂબરૂ મળો.
સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.
૩૦૧, શાલીમ કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સમય : ૧૧ થી ૨, મંગળવાર, તા. ૩૦/૭/૨૦૧૯

ACHIEVE OVERSEAS CONSULTANCY
IELTS કોચીંગ
સ્પેશીયલ લેડીઝ બેચ
● આવો તમારા સપનાને સાકાર કરીએ (તમારા સપનાની નજીક એક પગલું આગળ આવો)
● તમારુ ૮ ૭ ૭ ૭ નું લક્ષ્યાંક પ્રાપ્ત કરો (તમારા સપનાના સ્કોર લાવો ૮, ૭, ૭, ૭)
● સ્પોકન ઈંગ્લીશના અલગથી ક્લાસીસ લેવામાં આવશે.
ફ્રી ડેમો ક્લાસ
આજે જ જોડાવો અને તમારા સપના સાકાર કરો.
બીજો માળ, આર વર્લ્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ૯૯૦૭૨૩૫૩૩ / ૦૭૯-૨૩૨૨૩૫૩૩